સાયકલસવારને લોડીંગ ટ્રકની ટકકર વાગી

વાવોલ-ઉવારસદ ચોકડી પરથી પસાર થતી ભારે લોડીંગ ટ્રકે એક ૫૦ વર્ષીય શકરાજી નામના સાયકલ સવારને અડફેટે લીધો હતો જેના કારણે સાયકલ સવારને પગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ખ રોડના વસાહતીઓ દ્વારા કરાયેલ આંદોલનના પગલે ઘણા સમયથી ભારે લોડીંગ ટ્રાફિકને ઘણા સમયથી ક રોડ પરથી ઉવારસદ તરફના માર્ગે ડાયવર્ટ કરી દેવાયો છે. જેના કારણે વાવોલની નવી સોસાયટીઓના રહીશો માટે ભારે ખતરો ઉભો થવા પામ્યો છે. સત્વરે આ માર્ગનો વિકલ્પ વિકસાવાય તેવી વાવોલના રહીશોમાં માંગ પ્રવર્તી રહી છે. (તસવીર : વિપુલ ચૌહાણ)

કુડાસણના સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ સામે પાણીનો બેફામ બગાડ : તંત્ર ઘોર નિંદ્રામાં

છેલ્લા એક માસથી પણ વધુ સમયથી સતત ૨૪ કલાક પાણીનો બોર લિકેજ થાય છે : રોજના હજારો નાગરિકોની આંખ સામે થતો પાણીનો બગાડ તંત્રને નહી દેખાતો હોય ?

ગાંધીનગર, તા. ૧૦

એક તરફ સમગ્ર વિશ્વ આજે જળસંપતિ દિવસ ઉજવી રહ્યું છે ત્યારે બીજી તરફ ગાંધીનગરનું નામ પાણીનો બગાડ કરવામાં આવલ્લ નંબરે આવ્યું છે. ગાંધીનગરના કુડાસણા વિસ્તારમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ કોમ્પલેક્ષ સામે છેલ્લા એક માસથી પણ વધુ ભરચક વિસ્તાર સમા સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ કોમ્પલેક્ષ સામે એક પાણીનો બોર છેલ્લા એક માસથી પણ વધુ સમયથી દિવસ રાત પાણીના ફુવારા છોડ્યા કરે છે. સતત પાણી લિકેજના કારણે ત્યાં એક નાની નહેર રૂપે પાણી વહી રહ્યું છે અને અઢળક પાણીનો બેફામ બગાડ થઈ રહ્યો છે. નાગરિકે આ બાબતે ફરિયાદ કરી હતી છતાં તંત્રના બ્હેરા કાને અથડાઈને પાછી ફરી હતી અને આજ સુધી તેમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

વિશ્વ જ્યારે ભયજનક જળસંકટ તરફ ધસી રહ્યું છે ત્યારે આ રીતે પાણીનો બેરોકટોક બગાડ કરતા જવાબદાર વ્યક્તિઓ વિરૂદ્ધ

(તસવીર : કશ્યપ નિમાવત)

સમયથી સતત ૨૪ કલાક બોરનું પાણી લિકેજના કારણે નકામુ વહી રહ્યું છે. છતાં કોઈના પેટનું પાણી હલતુ જણાતુ નથી.

કુડાસણના અતિ વ્યસ્ત અને આશ્ચર્યની વાત તો એ છે કે દિવસના હજ્જારો નાગરિકોની નજર સામે જ આ પાણી વેડફાઈ રહ્યું હોવા છતાં કોઈ પગલાં લેવાતા નથી. થોડા સમય પહેલા આ વિસ્તારના એક જાગૃત તેમજ આવી ગંભીર ક્ષતિ તરફ આંખ આડા કાન કરનાર જવાબદાર અધિકારીઓ-કર્મચારીઓ વિરૂદ્ધ કડક પગલાં લેવાવા જોઈએ એ સમયની તાતી જરૂરિયાત છે.

મહારાણા પ્રતાપ જન્મજયંતિ નિમિત્તે નગરમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ

મોટી સંખ્યામાં રાજપૂત સમાજના સભ્યો જોડાયા : રાજપૂત સમાજની દિકરીઓએ દિલધડક તલવાર રાસનું નિદર્શન કર્યુ : નગરમાં મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવા રજૂઆત કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ભારતના મહાન સપૂત વીર મહારાણા પ્રતાપની ૪૭૫મી જન્મ જયંતિ નિમિત્તે આજે ગાંધીનગરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા સવારે ૮.૩૦ કલાકે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના સે. ૧૭ ખાતેના કાર્યાલયથી

રાજપૂત સમાજ દ્વારા વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં નગરના રાજપૂતો સાફામાં સજ્જ થઈને મોટરસાઈકલ, જીપ તેમજ પગપાળા જોડાયા હતા તેમજ રાજપૂત સમાજની દિકરીઓ દ્વારા તલવાર રાસનું નિદર્શન કરાયું હતું.

ગાંધીનગર જિલ્લાના રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ અને શ્રી રાજપૂત સમાજ દ્વારા સંયુક્ત આયોજિત મહારાણા પ્રતાપની ૪૭૫મી જન્મ જયંતિની ઉજવણી દરમ્યાન ભારે દબદબાપૂર્વક નીકળી સે. ૧૨ ખાતે રાજપૂત સમાજ ભવન પહોંચી હતી. આ શોભાયાત્રામાં નગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને વિક્રમસિંહ ગોલ સહિત મોટી સંખ્યામાં શહેરના રાજપૂત અગ્રણીઓ અને યુવાનો તેમજ મહિલાઓ જોડાઈ હતી.

શોભાયાત્રામાં મોટરસાઈકલ, જીપ અને પગપાળા જોડાયેલા રાજપૂત સમાજના સભ્યોએ કેસરી સાફામાં સજ્જ થઈ મહારાણા પ્રતાપનો જયજયકાર કર્યો હતો. ખુલ્લી જીપમાં બાળકો મહારાણા પ્રતાપ અને રાણી લક્ષ્મીબાઈની પ્રતિકૃતિ બન્યા હતા. રાજપૂત સમાજની દિકરીઓએ દિલધડક તલવાર રાસ અને યુવાનોએ તલવારબાજીનું નિદર્શન કર્યુ હતુ. શોભાયાત્રા બાદ યોજાયેલ કાર્યક્રમમાં રાજપૂત સમાજના કુરિવાજો નાબૂદ કરવા તેમજ ગાંધીનગરમાં મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવા રજુઆત કરવાનું ઠરાવાયું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

ઈન્ફોસીટી પાસે જાહેરમાં દારૂની મહેફીલ પર પોલીસનો દરોડો : નબીરાઓ પાર્ટી મૂકી ફરાર

પોલીસે સ્થળ પરથી રૂ. ૧૨.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો તમામ ફરાર નબીરાઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૯

નવા ગાંધીનગર વિસ્તારમાં એનઆઈડી સંસ્થાના ગેટ પાસે સમી સાંજે ખુલ્લામાં ચાલતી દારૂની મહેફીલ પર પોલીસે દરોડો પાડયો હતો. જો કે પોલીસ આવી જતા નબીરાઓ પાર્ટી અધુરી છોડી નાસી છૂટયા હતા. પોલીસે સ્થળ પરથી ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

નવા ગાંધીનગર વિસ્તારમાં ઈન્ફોસીટી કોર્નર પાસે એન.આઈ.ડી. સંસ્થા આવેલી છે. જયાં ગત સાંજના સમયે ઉપેન્દ્ર હરજી રાવળ, રાકેશ અમરત પ્રજાપતિ સહિતના કેટલાક નબીરાઓ પોતાની પાસે રહેલા વાહનો પર બેસી જાહેરમાં દારૂની મહેફીલ માણતા હતા. આ દારૂની મહેફીલની બાતમી ઈન્ફોસીટી પોલીસને મળતા પોલીસે તુરંત જ બાતમી સ્થળે દરોડો પાડયો હતો. જો કે દુરથી પોલીસની ગાડી નબીરાઓ જોઈ જતા તમામ નબીરાઓ મહેફીલ મુકી નાસી છૂટયા હતા. પોલીસે સ્થળ પરથી ૩ ફોર વ્હીલર, અને ૩ ટુ વ્હીલર, ૧૫૦ મી.લી. લિટર દારૂ મળી કુલ રૂ. ૧૨.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે ઈન્ફોસીટી પોલીસે નાસી છૂટેલા તમામ ફરાર નબીરાઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એમ.એચ. સોલંકી ચલાવી રહ્યા છે.

સ્કૂલ બસના ચાલકનું ભયજનક ટર્નિંગ

ગાંધીનગરના પહોળા રાજમાર્ગો ઘણીવાર વાહનચાલકોને વાહનોની ગતિ વધારવા લલચાવે છે. જ્યારે વિશાળ સર્કલો તેજ ગતિથી વળાંક લેવા પ્રેરે છે. જેના કારણે છાશવારે નાના મોટા અકસ્માતો સર્જાય છે. શનિવારે સવારે ઘ-૪ સર્કલ પાસે ઉતાવળે સિગ્નલ દર્શાવ્યા વગર ટર્નિંગ લઈ રહેલ સ્કૂલ બસ એક કાર સાથે ઘસાઈ જવા પામી હતી. જેના કારણે કારનું એક ટાયર પણ ફાટી ગયુ હતુ. સ્કૂલ બસમાં બાળકો હોવા છતાં સિગ્નલ આપ્યા વગર વળાંક લેવાની ભૂલ બસચાલકે કરી હતી જે અતિ ગંભીર બાબત છે. સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજા થવા નહોતી પામી. (તસવીર : કશ્યપ નીમાવત)

રાયસણ નજીક વિશાળ મહાવીરપુરમ્‌ના પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦મીથી આરંભાશે

૭૦ વિઘામાં નિર્મિત મહાવીરપુરમ્‌માં મહાવીર સ્વામીના જીવન આધારિત આધુનિક ટેકનોલોજી સાથેનું પ્રદર્શન સહિત જિનાલય અને ઉપાશ્રય

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરથી અમદાવાદ તરફના કોબા હાઈવે માર્ગ પર જુના કોબા ખાતે વિશાળ મહાવીરપુરમ્‌નું નિર્માણ કરવામાં આવ્યું છે. મહાવીરપુરમ્ ખાતે તા. ૨૦મી મે થી તા. ૨૪મી મે દરમિયાન ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે જેમાં યુગપુરુષ સદનનું ઉદઘાટન, મહાવીર દેવની પ્રતિષ્ઠા, અઢાર અભિષેક અને ભજન સંધ્યા જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાવીરપુરમ્ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિજયપ્રેમ સૂરીશ્વરજી મહારાજ, વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ અને ચંદ્રશેખર વિજયજી મહારાજ સહિત અન્ય અગ્રણી આચાર્યો ઉપસ્થિત રહી આર્શીવચન પાઠવશે. પ્રભુ મહાવીર દેવની કરૂણાને પ્રસારિત કરવાના ઉદ્દેશથી મહાવીરપુરમ્ સંસ્થાનો આરંભ કરાયો છે. ૭૦ વીઘા જમીનમાં ફેલાયેલ વિશાળ મહાવીરપુરમ્ ખાતે વર્ધમાન વિદ્યામંદિર જિનાલયનું રૂ. ૫ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ યુગપુરુષ સદન ઉપાશ્રય એ શ્રમણોને સાધના માટેનો વિશેષ અનુકૂલતા ધરાવતા ૭૦૦૦ ચોરસ ફીટના ભવ્ય ઉપાશ્રયનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત વિરાટ બ્રહ્માંડ દર્શન નામનું વિશાળ પ્રદર્શન બનાવાયું છે જેમાં આધુનિક ટેકનોલોજી માધ્યમથી મહાવીર સ્વામીને જગત સમક્ષ પ્રસ્તુત કરાશે. પ્રતિષ્ઠા મહોત્સવમાં તા. ૧૯મી મે મંગળવારે યુગપુરુષ સદન ઉપાશ્રયનું ઉદઘાટન કરાશે. તા. ૨૦મે બુધવારે બૃહદ નંદાવર્ત પૂજન યોજાશે, તા. ૨૧મી મે ગુરુવારે નવગ્રહ પાટલા પૂજન અને તા. ૨૨મી મે શુક્રવારે અઢાર અભિષેક યોજાશે. ઉપરાંત તા. ૨૩મી મે શનિવારે પ્રભુજીનો ગર્ભગૃહ પ્રવેશ, પ્રતિષ્ઠા, ગણિપદ પ્રદાન, અષ્ટોત્તરી સ્નાત્ર યોજાશે. અને રાત્રે ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાશે. તા. ૨૪મી મે રવિવારે દ્વારોદ્‌ઘાટન અને મંગલ ઉદબોધન યોજાશે.

એબસ્કોન્ડર સ્કવોર્ડ નાસતો ફરતો આરોપી ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર એલ.સી.બી. પોલીસની એબસ્કોન્ડરની ટીમે કડીમાં અપહરણના ગુનામાં નાશતો ફરતો આરોપીને સેક્ટર-૨૮ બગીચા પાસેથી ઝડપી પાડ્યો હતો.

ગાંધીનગર એલ.સી.બી. પોલીસની એબસ્કોન્ડર ટીમના કે.એ. પટેલ, અશોકકુમાર, દિલીપસિંહ, કિરીટસિંહ વગેરે પેટ્રોલિંગમાં હતા દરમિયાન સે. ૨૮માં બગીચા પાસેથી કડી પોલીસ મછકના અપહરણના ગુનામાં નાસતો ફરતો આરોપી દિનેશ ઉર્ફે ટાલ રણછોડ ઠાકોર (રહે. માણસા)ને ઝડપી પાડ્યો હતો અને તેને કડી પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

સોમવારે ગાંધીનગરમાં સેનવા-રાવત સમાજનો ૧૪મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

૨૮ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૯

સમગ્ર ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા ૧૪મો સમૂહલગ્નોત્સવ તા. ૧૧મી મે સોમવારે યોજવામાં આવશે. સમૂહલગ્નમાં ૨૮ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. ગુજરાતના રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વાદ આપશે.

ગાંધીનગર ખાતે સેકટર-૬ના મેદાનમાં યોજાનાર સમૂહલગ્નોત્સવમાં ૨૮ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. સમૂહલગ્નમાં સવારે ૭.૩૦ કલાકે ગૃહશાંતિ કરવામાં આવશે. ૮.૩૦ વાગે સંસ્થા દ્વારા જાન આગમન અને ૯.૩૦ કલાકે લગ્નવિધિ તેમજ સાંજે ૪.૩૦ કલાકે જાન વિદાય કરવામાં આવશે. સમૂહ લગ્નમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ગુજરાત પ્રદેશ પૂર્વ પ્રમુખ પુરૂષોત્તમ રૂપાલા, રાજયસભાના સભ્ય શંભુપ્રસાદ ટુંડિયા, રાજયના મંત્રી રમણભાઈ વોરા, પ્રજાપિતા બ્રહ્માકુમારીના સંચાલિકા કૈલાશદીદી, સંસદસભ્ય કિરીટ સોલંકી ઉપસ્થિત રહેશે.

તેમજ દાતાઓ, સમાજના અગ્રણીઓ, સમાજના ભજનીક કલાકારો, સંતો મહંતોની ઉપસ્થિતિમાં 'રાવત દર્પણ-ત્રીજા' અંકનું વિમોચન કરવામાં આવશે. સમારંભને સફળ બનાવા સંસ્થાના પ્રમુખ અને ધારાસભ્ય પુનમભાઈ મકવાણા, સંસ્થાના મહામંત્રી રમેશભાઈ ગુંજેટીયા, ડિરેકટર ચંદન રાણા, ડાહ્યાભાઈ ઘમેડીયા, હિતેશ મકવાણા, વિઠ્ઠલ સેનમા, અમૃતભાઈ પરમાર સહિતના આગેવાનોએ સહયોગ પુરો પાડયો છે.

સમૂહ લગ્નમાં ગાંધીનગરમાં વસતા રાવત પરિવારો તેમજ અન્ય જ્ઞાતિજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી રમેશભાઈ ગુંજેટીયાએ જણાવ્યું છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨
સૂર્યાસ્ત : ૭.૧૨

તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૨૦ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :
જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સ્ક્રીન-૪ :
જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

સ્ક્રીન-૨ :
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

સ્ક્રીન-૫ :
ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

આપની આજ

મેષ : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે.

વૃષભ : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

મિથુન : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

કર્ક : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

મકર : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

કુંભ : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

મીન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

ચિરવિદાય

- સ્વ. ગીતાબેન ભીખાલાલ સોની (ઉ.વ.૬૪) પ્લોટ નં. ૧૮૬/૧, સેકટર-૪એ, ગાંધીનગર
- સ્વ. ગીતાબેન હસમુખભાઈ પટેલ (ઉ.વ.૪૮) મુ. દહેગામ, લક્ષ્મીનારાયણ સોસાયટી, તા. દહેગામ, જી. ગાંધીનગર